# સંગીતના સૂરોએ ભૂલાવી દીધી
# સેરેબ્રલ પાલ્સીની પીડા...


PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક
૧૫ જુલાઈ : ૨૦૨૪, અંક નં. ૧૩૯/૫૦૫


## કલાની આંગળી ઝીલી
## જિંદગીની સુરાવલી મધુર બનાવી રહ્યાં છે
## કૃણાલ, કેવલ અને કિશન



કેવલ સોલંકી



કૃણાલ આહિર



કિશન ખશિયા


પેજ નં. પાંચ ઉપર



Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 July - 24 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# કે. એલ. બહેરા-મૂંગા શાળા તસ્વીર સમાચાર



શાળા પ્રવેશોત્સવ કમિશ્નરશ્રીના હસ્તે દીપ પ્રાકટ્ય...



નવા પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપતાં...





નવા પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા...




નડિયાદ ખેલ મહાકુંભ-૨.૦...




નડિયાદ ખેલ મહાકુંભ-૨.૦...




નશામુકત ભારત અભિયાનમાં...




યોગ દિવસની ઉજવણી...

# કોશિશથી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર................૦૨
- INDEX....................................૦૩
- CONTENTS AT A GLANCE...........૦૪
- પ્રવીણચંદ્રદલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર........૦૪
- ડૉ. મનસુખભાઈ માંડવિયાનો સત્કાર સમારોહ.......૦૪
- સંગીતના સૂરોએ ભૂલાવી દીધી સી. પી.ની પીડા.....૦૫
- નટરાજ સી. પી. બાળકોની શાળા.................૦૬
- દિવ્યાંગ વિદ્યાર્થીઓનો 'શાળા પ્રવેશોત્સવ'.........૦૬
- સી.પી. ખેલ મહાકુંભ ..........................૦૭
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ ...........૦૮
- ઓટિઝમથી પીડિત બાળક.......................૦૮
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ.........................૦૯
- સાફલ્ય ગાથા..................................૦૯
- પી.એન.આર. હોસ્પિટલ ........................૧૦
- સ્વ. ગિરીશભાઈ શાહની યાદમાં મોતિયાનો કેમ્પ....૧૦
- PNR સોસાયટી સંચાલિત TTC VI કોલેજ.......૧૧
- PNR સોસાયટી સંચાલિત TTC MD કોલેજ.....૧૧
- શ્રી બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી Spl. Bed. ટ્રેનિંગ કોલેજ............................૧૧
- સંસ્થામાં સેવારત ડૉક્ટરશ્રીઓ.....................૧૨
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (પ્રા. વિ.)......૧૩
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં પ્રવેશોત્સવ...૧૪
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (ઉ.મા.)........૧૪
- શ્રીમતી પી.આર. વાધર સાધન-સહાય વર્કશોપ......૧૬
- ટીચર્સ ટ્રેનિંગ કોલેજ ...........................૧૭
- એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટ...........૧૮
- લાઈબ્રેરી......................................૨૦
- સ્પેશિયલ ઓલિમ્પિકમાં પસંદગી..................૨૦
- ૨૬ દિવ્યાંગોએ શ્રવણ ક્ષમતા પ્રાપ્ત કરી............૨૦
- ડોનેશન લિસ્ટ..................................૨૧
- તસ્વીર સમાચાર.................................૨૨
- PNR તસ્વીર સમાચાર.........................૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતા આનંદની લાગણી અનુભવું છું.

## શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૩થી સરકારી પ્રાથમિક શાળામાં બાળકોનું નામાંકન વધારવા શરુ થયેલ, આ શાળા પ્રવેશોત્સવ સાતત્યપૂર્ણ રીતે છેલ્લાં ૨૧ વર્ષથી ગુજરાતમાં ઉજવાય છે, જેમાં મુખ્યમંત્રીશ્રી, તેમના મંત્રીશ્રીઓ અને અધિકારીગણ આ ઉત્સવમાં સામેલ થાય છે અને વિવિધ ગામડાઓથી મહાનગરો સુધી આ શાળા પ્રવેશોત્સવ સુંદર રીતે ઉજવાય છે.

આ વર્ષે પણ તા. ૨૭ થી ૨૯ જૂન ત્રણ દિવસ, શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪નું સમગ્ર રાજ્યમાં વાજતે-ગાજતે, ઉલ્લાસમય વાતાવરણમાં વિવિધ કાર્યક્રમો યોજી આયોજન કરાયું હતું. જેના ૬ વર્ષ પૂર્ણ થયા નથી, તેવા બાળકોને 'બાલવાટિકા' માં પ્રવેશ અને જેમને છ વર્ષ પૂર્ણ થયા છે તેઓને ધો. ૧ માં પ્રવેશ આપવામાં આવ્યો છે.

આપણી દિવ્યાંગોની સંસ્થાઓમાં પણ આ પ્રવેશોત્સવના શાનદાર કાર્યક્રમ રખાયા હતાં. શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં ભાવનગરના કમિશ્નર શ્રી એન.વી. ઉપાધ્યાય સાહેબ, નટરાજ સી.પી. સ્કૂલમાં S.B.I ના AGM શ્રી વિજય ટાંક સાહેબ, તથા 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળામાં સમાજ સુરક્ષા અધિકારી શ્રી ભગિરથસિંહ ચુડાસમા સાહેબની અધ્યક્ષતામાં શાળા પ્રવેશોત્સવનો રંગારંગ કાર્યક્રમ યોજી, બાળકોને શૈક્ષણિક કીટ, સાધન સહાય વિગેરે આપી પ્રોત્સાહિત કરાયા હતાં.

મહાકવિ કાલિદાસે કહ્યું હતું કે, ''લોકો ઉત્સવ પ્રિય હોય છે.'' અને આ પ્રવેશોત્સવ તો બાળકોને શિક્ષણ પ્રત્યે પ્રેરિત કરવાનો અનેરો અવસર છે, જે ખૂબજ આવકાર્ય અને પ્રસંશનીય છે.

અસ્તુ.

✍ **કિરીટ રાઠોડ**

## 'See the possibility not the problem.'


**Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly

- **અંક નં. : ૧૩૯/૫૦૫**
  ૧૫ જુલાઈ - ૨૦૨૪
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો.: ૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭
  E-mail : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  Visit us : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org

- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  વંશિકા ફોમ્સ, ભાવનગર
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  વંશિકા ફોમ્સ, ભાવનગર
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE

K. D. PADIA



### ◈ C. P. School Shines

The Nataraj Cerebral Palsy's pride moments have been its wards playing instrumental and vocal music,their hands on making soap,perfumes, dantmanjan, incense sticks and its packing,paper bags,etc; participation in C.P. Khel MahaKumbh organised by C.P. Sports Federation of Gujarat and its wards bagging as many as 19 medals and prize of Rs 1,31,000 and Praveshotsav of Divyangs !

### ◈ KLID Round

Celebration of Yoga Week,participation in Athletics MahaKumbh 2.0 of Gujarat by its wards and bagging of 11medals, supplying aids and appliances to the needy,and glittering success of its Secondary and Higher Secondary students were hallmarks of its activities.

### ◈ Other Activities

Ankur School's Summer Camp and Theory Exam of Teachers Training college;High Tech Inclusuve School's Praveshotsav; PNR Special Hospital's treating 3488 patients and specialist doctors' information; AT&T Technology Institut's Cyber Awareness and Digital Welfare webinar;Activity of Disha-cum-Vkas project of National Trust,New Delhi; Examinations in Teachers Training College of PNR Society;other useful information and success stories are carried in this issue.



# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર

જીજ્ઞેશ પારેખ



**૧. પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :**

તા. ૧ થી ૬ એપ્રિલ ૽૨૪ ના રોજ કોન્જીનીટલ ડિફોરમિટી પ્રોજેકટ અન્વયે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન, **ઈમ્પેકટ ફાઉન્ડેશન-યુ.કે.** ના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ **૨૮** બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી **૩** કપાયેલાં હોઠ, **૨** તાળવામાં કાણું અને **૨** હાઈપોસ્પેડિયા એમ કુલ **૭** ઓપરેશન કર્યા હતાં. આ કેમ્પ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા અને ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલના નર્સિંગ સ્ટાફની જહેમતથી સફતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## કેન્દ્રિય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાનો રાજકીય અને સામાજિક સંસ્થાઓ દ્વારા યોજાયો સત્કાર સમારોહ

નવનિર્વાચિત કેન્દ્રિય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા મંત્રી પદના શપથ ગ્રહણ બાદ પ્રથમવાર ભાવનગર આવતા તેઓનો સત્કાર સમારોહના કાર્યક્રમ મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટીના અટલ ઓડિયોટોરિયમમાં નવનિર્વાચિત કેન્દ્રિય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયાના અધ્યક્ષ પદે, રાજકીય અને સામાજિક સંસ્થાઓ દ્વારા યોજાયેલ. આ સત્કાર સમારોહમાં આપણી સંસ્થાના સર્વશ્રી ગિરીશભાઈ શાહ, સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ તથા માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ વગેરેએ પૂષ્પગૂચ્છ તથા શાલ અર્પણ કરી તેઓ બંનેનું અભિવાદન કરેલ હતું.

# સંગીતના સૂરોએ ભૂલાવી દીધી સેરેબ્રલ પાલ્સીની પીડા...

## કલાની આંગળી ઝીલી જિંદગીની સુરાવલી મધુર બનાવી રહ્યાં છે કૃણાલ, કેવલ અને કિશન

''સર અમે કશું વગાડી ન શકીએ. પણ આ ટેબલ પર હાથથી થાપ આપીને તમને ગીત સંભળાવીએ.'' આમ કહી, કેવલ મધુર અવાજે ભજન સંભળાવે છે. કૃણાલ પહાડી અવાજમાં અરીજિતસિંગનું ગીત લલકારે છે, તો કિશન વળી લોકગીત સંભળાવે છે. કેવલ જાતે ચાલી શકતો નથી તેને વ્હીલચેરમાં અહીંથી તહીં લઈ જવો પડે છે. કૃણાલ ચાલી શકે છે પરંતુ ખોડંગાતો અને મુશ્કેલીથી પોતાનું સંતુલન જાળવીને. આ જ રીતે કિશન પણ છે આવી જ મુશ્કેલીથી પીડિત. આ ત્રણેય સેરેબ્રલ પાલ્સીથી પીડિત છે. આમ છતાં હાર નથી માની. તેઓ ભણે તો છે જ અને સાથે સંગીતને પણ જાણે છે, માણે છે અને આનંદથી જીવે છે સુરાવલીના સથવારે.

ગુજરાતમાં જ નહીં, દેશમાં આવા બાળકો માટે શ્રેષ્ઠ કામગીરી કરતી અને ગુજરાતની પ્રથમ મોડેલ શાળા, PNR સોસાયટી સંચાલિત, **નટરાજ સી.પી. સ્કૂલ**માં અભ્યાસ કરતા આ વિદ્યાર્થીઓ કંઈક વિશેષ છે. અભ્યાસ કરી, કૌશલ્ય કેળવી, તેમને પગભર તો થવું જ છે, સાથે સંગીતના ક્ષેત્રમાં પણ ''હમ સિસીસે કમ નહીં'' તે બતાવવું છે.

ઉના-દીવ પાસે આવેલ સંજણાપુર ગામનો વતની ૧૨ વર્ષનો કેવલ સોલંકી, ૨૦૧૯થી આ સી.પી. સ્કૂલમાં અભ્યાસ કરે છે. ગામડેથી પોતાની બે બહેન અને માતા સાથે તે અહીં અભ્યાસ માટે આવ્યો છે અને ભાવનગરમાં રહે છે. સાતમા ધોરણમાં અભ્યાસ કરતા કેવલને સંગીતનો શોખ હતો. શાળામાં સંગીત શીખવતા દિશીતા ધવલ દોશી પાસે સંગીત શીખી, પ્રવેશિકાથી પૂર્ણ સુધીની ગાયનની પરીક્ષાઓ ઉત્તીર્ણ કરી લીધી છે.

સી.પી. ગ્રસ્ત બાળકને અનેક મુશ્કેલીઓ હોય છે. કયારેક બોલવામાં પણ તકલીફ પડતી હોય છે, પરંતુ કેવલ જ્યારે ભજનનો સૂર માંડે ત્યારે એ બધી જ પીડાઓ એકકોર રહી જતી હોય છે. સૂર અને તાલમાં પૂરી પકડ સાથે તે ભજન લલકારવા લાગે છે. કેવલ કહે છે. ''હરિ ભરવાડ (ભજનીક) મારા આદર્શ છે અને મારે તેમની જેમ ભજનો ગાવા છે.'' કોરોના દરમિયાન શાળાઓ બંધ હતી ત્યારે પોતાના વતનમાં ડાયરા અને ભજનોના કાર્યક્રમોમાં પણ કેવલે પ્રસ્તુતિ કરી, શાબાશી મેળવી છે. તો શાળામાં પણ નાના-મોટા કાર્યક્રમોમાં તે ભજન-પ્રાર્થનાની પ્રસ્તુતિ કરતો હોય છે.

''સર, મારે તો મ્યુઝિક ઈન્ડસ્ટ્રિઝમાં જવું છે. મારા મિત્રો કહે છે કે તારો અવાજ અરીજીત સિંઘ જેવો છે. તો કોઈ કહે છે કે તું રાહતફતેહઅલી ખાન જેવું ગાય છે. મને આ બે ઉપરાંત કિશોરકુમાર, કુમાર સાનુ અને મુકેશના ગીતો પણ ગમે છે. સર, કોઈ ચાન્સ આપે ને તો એક આખો પ્રોગ્રામ હું કરી શકું.'' મૂળ મુંબઈનો વતની અને છેલ્લાં ૭ વર્ષથી અહીંની હોસ્ટેલમાં રહેતો, ધોરણ આઠમાં અભ્યાસ કરતો કૃણાલ આહિર પણ સૂરોની આંગળી પકડીને સી.પી. ને પરાસ્ત કરી રહ્યો છે. તેણે પણ દિશીતાબેન પાસે સંગીતનો અભ્યાસ કરી. મધ્યમા, પ્રથમ સુધીની પરીક્ષાઓ ઉતીર્ણ કરી છે. પહાડી અવાજમાં અરીજિત સિંઘનું ગીત લલકારે ત્યારે તે પાતાને ભૂલી જઈ, નિજાનંદમાં ખોવાઈ જાય છે, તે ક્ષણે તેની આંખોમાં અજબ આનંદ જોવા મળે છે.

''મે ગંધર્વ મહાવિદ્યાલયના ત્રીજા વર્ષની પરીક્ષા આપી છે. મને લોકગીત, ગરબા તથા શાસ્ત્રીય ગીતો પણ ગમે છે.'' તળાજાની લીલીવાલ પ્રાથમિક શાળામાં ધો. ૯ માં અભ્યાસ કરનાર કિશન હરદેવભાઈ ખસિયા, PNR સોસાયટીના તળાજા સેન્ટર પર સારવાર લે છે. કિશન જ્યારે પહેલીવાર PNR ના ભાવનગર સેન્ટર પર આવ્યો, ત્યારે તેના પિતાએ તેના સંગીતના રસ વિશે વાત કરી. બસ, તેના રસને કૌશલ્ય આપવા સંગીતની તાલીમ શરૂ થઈ. આજે કિશન ભણવાની સાથે સંગીતમાં પણ આગળ વધી રહયો છે.

સી.પી. સ્કૂલના ઈન્ચાર્જ આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી કહે છે કે, ''આ ત્રણેય સંગીત ક્ષેત્રમાં સારી પ્રગતિ કરી રહ્યાં છે. અન્ય સી.પી. બાળકો પણ સંગીત, ચિત્રકલા, રમત, અભિનયમાં સરસ કામ કરી રહ્યાં છે. અમારી સમગ્ર ટીમનો પ્રયાસ, બાળક અહીં અભ્યાસ કરે, તેની સાથે કલા અને કૌશલ્યમાં પણ આગળ વધે, તેનો રહ્યો છે. આ કામને અમે વ્યવસાય નહીં, સેવા યજ્ઞ તરીકે સમજીએ છીએ.''



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



✍ વિભૂતિ વ્યાસ

**વાલી મિટીંગ :**

તા. ૧૯ જૂન ૨૦૨૪ નાં રોજ નવા પ્રારંભિક શૈક્ષણિક વર્ષમાં પ્રથમ સત્રની પ્રથમ વાલી મીટીંગનું અયોજન કરવામાં આવેલ. જેમાં આગામી સત્રમાં થનાર વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે, નવા જોડાયેલ વિદ્યાર્થીઓનો ઉષ્માભર્યો આવકાર, શાળાના શૈક્ષણિક સત્રમાં જુન માસની પ્રવૃત્તિઓની માહિતી, જેમ કે વિશ્વ યોગ દિવસ, શાળા પ્રવેશોત્સવ, સ્થાનિક બાળકોના વાહન વ્યવહાર અંગે સૂચના, નિરામયા હેલ્થ પોલીસી અંગે વિસ્તૃત માહિતી, શાળા યુનિફોર્મ, બૂટ વગેરે અંગે સૂચન સાથે વાલીશ્રીઓને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ શાળાના આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા કરવામાં આવેલ. મિટીંગમાં કુલ **૪૦**થી વધુ વાલીઓએ હાજરી આપી હતી.

**વોકેશનલ એક્ટિવિટી ડિપાર્ટમેન્ટ :**

પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ, ઓટિઝમ પ્રોજેક્ટ અંતર્ગત એપ્રિલ, મે અને જૂન આ ત્રણ માસ દરમિયાન વોકેશનલ એકટિવિટીમાં દિવ્યાંગ બાળકો દ્વારા વિવિધ પ્રકારની વસ્તુઓ બનાવવામાં આવેલ અને તેનું વેચાણ કરવામાં આવે છે. જે અંતર્ગત એપ્રિલ મહિનામાં સોપ મેકિંગ, પરફ્યુમ મેકિંગ અને પેકિંગ, સ્ટીકર લગાવવા, દંતમંજન બનાવવા, ધુપસ્ટીક, અગરબત્તી પેકિંગ, પાવભાજી મસાલાનું પેકિંગ, બટવા, ડ્રોઈંગ કરવું. જૂન મહિનામાં પેપર બેગ, દોરીના કીચેઈન, ચોકલેટ બોક્સ જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવેલ, જેમાં વોકેશનલ ટીમ સાથે રહીને દિવ્યાંગ બાળકો દ્વારા જે વિવિધ પ્રકારની વસ્તુઓ બનાવવામાં આવે છે તેનુ પ્રદર્શન અને વેચાણ માટે સ્ટોલ ગોઠવવામાં આવે છે. જે અંતર્ગત અંદાજીત ત્રણ માસમાં રૂા. ૨૨૦૦૦/- નું વેચાણ થયેલ છે.

## દિવ્યાંગ વિદ્યાર્થીઓનો 'શાળા પ્રવેશોત્સવ'





ભાવનગરની PNR સોસાયટી સંચાલિત નટરાજ સેરેબ્રલ પાલ્સિ (મગજનો લકવો) ધરાવતા બાળકોની વિશિષ્ટ શિક્ષણ અને તાલીમ અને સાર-સંભાળ માટેની સંસ્થા આયોજિત, **શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪** કાર્યક્રમ, હર્ષોલ્લાસથી તા. ૨૮ જૂન, ૨૦૨૪ ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ શ્રી વિજયભાઈ ટાંક (આસિ. જન. મેનેજર, SBI, ભાવ.), શ્રી અમિતકુમાર (મેનેજર, SBI, ભાવ.) તથા શ્રી અંબિકાબેન ટેકરીવાલ (દાતાશ્રી), શ્રી પાયલબેન, શ્રી ચેરીબેન વિગેરે મુંબઈથી પધારેલ મહેમાનો, સંસ્થાના ટ્રસ્ટીગણ, કર્મચારીઓ, દિવ્યાંગ વિદ્યાર્થીઓ અને શુભેચ્છકો ઉપસ્થિત રહેલ હતાં.

દિવ્યાંગ વિદ્યાર્થીઓ દ્વારા પ્રભુ પ્રાર્થના બાદ, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા શાબ્દિક તથા પૂષ્પગૂચ્છથી પધારેલ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. મહેમાનો તથા ટ્રસ્ટીશ્રીઓના વરદ હસ્તે દીપ પ્રાકટય કરવામાં આવેલ હતું. શ્રી જીજ્ઞાબેન સોલંકી (આચાર્યશ્રી, સી.પી. સ્કૂલ) દ્વારા પ્રસંગ પરિચય બાદ, નટરાજ સી.પી. સ્કૂલના દિવ્યાંગ વિદ્યાર્થીઓએ "યોગ-ડાન્સ" તથા અભિનય ગીત પ્રસ્તુત કરેલ. મહેમાનોના વરદ હસ્તે નવા પ્રવેશ પામેલાં ૧૪ દિવ્યાંગ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ, વ્હીલચેર, હીયરિંગ એઈડ, કરાટે ડ્રેસ તથા યુનિફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સમારંભના અતિથિવિશેષ શ્રી વિજયભાઈ ટાંકે પ્રસંગોચિત ઉદબોધન કરેલ હતું.

આ પ્રસંગે સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈ, ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી પ્રદીપભાઈ ભટ્ટ, શ્રી ધીરૂભાઈ ધંધુકિયા વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમનું સંચાલન વિ. શિ. શ્રી વિભૂતિબેન વ્યાસ અને આભારવિધિ સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ દ્વારા કરવામાં આવી હતી.

# ભાવનગરના આંગણે પ્રથમવાર યોજાયો સી.પી. સ્પોર્ટ્સ ફેડરેશન ઓફ ગુજરાત દ્વારા સી.પી. ખેલ મહાકુંભ

## પી.એન.આર. સોસાયટીના સહયોગ સાથે આયોજિત મહાકુંભમાં ૧૭ જિલ્લાના ૨૨૫ સેરેબ્રલ પાલ્સી દિવ્યાંગોએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો.





ભાવનગરમાં પ્રથમવાર રાજ્ય કક્ષાનો સી.પી. ખેલ મહાકુંભ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે, સી.પી. સ્પોર્ટ્સ ફેડરેશન ઓફ ગુજરાતના સહયોગથી યોજાય ગયો. ભાવનગરના યજમાનપદે આયોજિત આ ખેલ મહાકુંભમાં ૨૨૫ રમતવીરોએ ભાગ લઈ પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું.

તા. ૧૨-૧૩ જૂને, સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકુલ (સિદસર રોડ, ભાવનગર) ખાતે સી.પી. (સેરેબ્રલ પાલ્સી) ખેલ મહાકુંભ-૨૦૨૪ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. રાજ્યભરમાંથી આવેલા સી.પી. દિવ્યાંગોનું પી.એન.અનાર. સોસાયટીના ફિઝીયોથેરાપીસ્ટ ડૉ. કૃણાલભાઈ મિસ્ત્રી, ડૉ. વિધિબેન વંકાણી, ડૉ. આયુષીબેન ત્રિવેદી દ્વારા વિવિધ રમતો અને કેટેગરી મુજબ વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. મહાકુંભના પ્રારંભ પ્રસંગે દિવ્યાંગોની સંસ્થા પી.એન.આર. સોસાયટીના સ્થાપક ટ્રસ્ટી શ્રી બાબાભાઈ શાહ, ટ્રેઝરર શ્રી એચ.પી. રાખશિયા, રાજ્યની એક માત્ર સી.પી. સ્કૂલના આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી ભગીરથસિંહ ચુડાસમા, સી.પી. સ્પોર્ટ્સ ફેડરેશન ઓફ ગુજરાતના પ્રમુખ શ્રી પારસભાઈ શાહ, મંત્રી શ્રી કમલેશભાઈ ખોખરી, ઉપ પ્રમુખ શ્રી ભરતભાઈ ઠક્કર તથા આમંત્રિતો ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

૫૦ મી. દોડ, ૧૦૦ મી. દોડ, લાંબી કૂદ, ગોળા ફેંક, બર્ચ્છી ફેંક, ચક્ર ફેંક, સહિતની વિવિધ રમતોમાં આ દિવ્યાંગ બાળકોએ પોતાનું કૌશલ્ય બતાવી મેડલ પ્રાપ્ત કર્યાં હતાં. આ દિવ્યાંગો તથા વાલીઓ માટે ભાવનગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ દ્વારા ભોજન, રાત્રિ રોકાણની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ૧૭ જિલ્લામાંથી આવેલા ૨૨૫ દિવ્યાંગો સુંદર વ્યવસ્થા અને ઉત્તમ આયોજનની યાદો લઈને ભાવનગરથી પરત ગયા હતાં.

## સી.પી. સ્કૂલના વિજેતા લાભાર્થીઓના નામની યાદી


| ક્રમ | નામ | રમતનું નામ | પ્રાપ્ત કરેલ નંબર |
|---|---|---|---|
| ૧ | વ્યાસ મીરલબેન સંજયભાઈ | ગોળા ફેંક | દ્વિતીય |
| ૨ | વ્યાસ મીરલબેન સંજયભાઈ | ૧૦૦ મી. દોડ | તૃતિય |
| ૩ | સોલંકી જયદિપ દિનેશભાઈ | ૧૦૦ મી. દોડ | પ્રથમ |
| ૪ | મકવાણાઉમર આયુબભાઈ | ૫૦ મી. દોડ | પ્રથમ |
| ૫ | મકવાણા ઉમર આયુબભાઈ | લોંગ જમ્પ | દ્વિતીય |
| ૬ | ગોહેલ સાવન નરેન્દ્રભાઈ | લોંગ જમ્પ | તૃતિય |
| ૭ | ગોહિલ છત્રપાલસિંહ ધર્મેન્દ્રસિંહ | ૫૦ મી. દોડ | તૃતિય |
| ૮ | સોલંકી જયદિપ દિનેશભાઈ | ભાલા ફેંક | પ્રથમ |

| | | | |
|---|---|---|---|
| ૯ | પાર્થ નાનજીભાઈ ચુડાસમા | ચક્ર ફેક | દ્વિતીય |
| ૧૦ | ડાભી મંત્ર હરેશભાઈ | ચક્ર ફેંક | તૃતિય |
| ૧૧ | સોલંકી અશ્વિન વિજયભાઈ | ભાલા ફેક | તૃતિય |
| ૧૨ | વાઘેલા વંશ સુનિલભાઈ | કલબ થ્રો | દ્વિતીય |
| ૧૩ | મોરી રામદેવ વિરેન્દ્રભાઈ | ઊંચી કૂદ | પ્રથમ |
| ૧૪ | ચુડાસમા યુવરાજ સુરેન્દ્રસિંહ | ઊંચી કૂદ | દ્વિતીય |
| ૧૫ | ડાભી હાર્દિક હરેશભાઈ | ઊંચી કૂદ | તૃતિય |
| ૧૬ | શિવાણી શ્યામ નિલેશભાઈ | ૫૦ મી. દોડ | દ્વિતીય |
| ૧૭ | જાડા મેહુલ ગોરધનભાઈ | ૧૦૦ મી. દોડ | તૃતિય |
| ૧૮ | જાડા મેહુલ ગોરધનભાઈ | લાંબી કૂદ | દ્વિતીય |
| ૧૯ | સાઈકલવાલા મુક્કદલ હજેફ | કલબ થ્રો | દ્વિતીય |

આમ, **૪** ગોલ્ડ, **૮** સિલ્વર અને **૭** બ્રોન્ઝ મેડલ એમ કુલ **૧૯** મેડલ પ્રાપ્ત કરેલ છે અને **રૂા. ૧,૩૧,૦૦૦/-**નો પુરસ્કાર પણ પ્રાપ્ત કરેલ છે. આ ખેલ મહાકુંભને સફળ બનાવવા આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શિક્ષક શ્રી કાર્તિકભાઈ વ્યાસ, શ્રી વરૂણભાઈ વ્યાસ, શ્રી જયોતિબેન પરમાર અને શ્રી ખેવનાબેન ઓઝાએ ભારે જહેમત ઉઠાવી હતી.




# કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



✍ ધીરુભાઈ ધંધુકિયા

### શાળા પ્રવેશોત્સવ :



સ્કૂલમાં તા. ૧૩-૬ ના રોજ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સૌ પ્રથમ આ કાર્યક્રમમાં શાળાના આચાર્યશ્રી તેમજ શિક્ષકો દ્વારા નાના ભૂલકાઓનું કુમકુમ તિલક અને મોં મીઠું કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બાલમંદિર વિભાગના તમામ શિક્ષકો દ્વારા બાળકોને અલગ-અલગ રમતો રમાડીને ઉત્સાહિત કર્યા હતાં. તેમજ તમામ ભૂલકાઓને ગાર્ડનમાં લઈ જઈને જાંબુડાના ઝાડ નીચે રમાડી, જાંબુડા ખવડાવવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# સામાન્ય કરતાં વિશેષ રીતે અતડું લાગતું બાળક ઓટિઝમથી પીડિત હોય શકે છે.

## કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલ આવા બાળકોને ઓળખીને આપી રહી છે તાલીમ અને શિક્ષણ

બાળકની શારીરિક અક્ષમતા અને ખામી તુરંત નજરે પડતી હોય છે, પરંતુ તેની માનસિક સ્થિતિ કે કોઈ ઉણપ તરફ લાંબા સમય સુધી વાલીઓ ધ્યાન દેતા નથી. આ બેદરકારીને કારણે આખરે તો બાળકને જ ભોગવવું પડે છે. બાળકની વર્તણૂંક અને વહેવારની જો નોંધ લેવામાં આવે, તો માનસિક અક્ષમતાનો ખ્યાલ આવી શકે અને સમયસર યોગ્ય ઈલાજ પણ થઈ શકે. ઓટિઝમ આવી જ ખામી છે અને તેના તરફ ઓછું ધ્યાન આપવામાં આવે છે. બીજી એપ્રિલ **વર્લ્ડ ઓટિઝમ ડે** હોય છે ત્યારે આ અંગે વાલીઓમાં જાગૃતિના કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવે છે.

ઓટિઝમના લક્ષણ જોઈએ તો, બાળક આંખ સાથે આંખ મેળવીને વાત નથી કરતું, ઘરના સભ્યો અને પરિવાર કે સમાજમાં હળવા મળવામાં ખચકાટ અનુભવે છે, શિક્ષણમાં રસ અને રુચિ

નથી, તે મુખ્ય છે.

આવી બાબતોને સામાન્ય ન ગણી શકાય. આવી સમસ્યા સ્વલીનતા એટલે કે ઓટિઝમ ડિસોર્ડર હોઈ શકે છે. PNR સોસાયટી સંચાલિત કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલમાં આવા ૭૦ બાળકોને તાલીમ અપાઈ રહી છે. ૨૦૧૮થી ચાલતી આ ઓટિઝમ સ્કૂલ સૌરાષ્ટ્રની એક માત્ર આ પ્રકારની શાળા છે.

ઓટિઝમવાળા બાળકો સાથે સતત જોડાયેલા શ્રી જીજ્ઞાબેન સોલંકી કહે છે કે, ''આવા બાળકો સમાજ સાથે જોડાઈ શકતા




નથી અને શિક્ષણમાં પણ તેઓ નબળા રહે છે. તેની સાથે કઈ રીતે વ્યવહાર કરવો, તેને શિક્ષણ કઈ રીતે આપવું, તે અંગે આ શાળામાં કામ થઈ રહ્યું છે. માત્ર આવા બાળકો જ નહીં, તેના વાલીઓને પણ કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલમાં તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવે છે. આવા બાળકોની ક્ષમતા ચકાસીને યોગ્ય તાલીમ આપવામાં આવે, તો તે કલા, રમત-ગમત વિગેરે ક્ષેત્રમાં નામના મેળવી શકતા હોય છે અને આવા અનેક ઉદાહરણો નોંધાયેલાં છે.''



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

અમિત મિત્રા



**વોકેશનલ એક્ટિવિટી :**

પી.એન.આર. સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી દ્વારા ચલાવવામાં આવતા દિશા કમ વિકાસ પ્રોજેક્ટ દ્વારા બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત મે માસ દરમ્યાન બાળકોને પ્રિ-વોકેશનલ અક્ટિવિટીમાં **પેપરબેગ બનાવવી, તોરણ હેન્ગિગ અને દોરીના કિચેઈન** બાળકોને શીખવવામાં આવ્યું હતું.

**લોકલ પ્રોજેક્ટ કમિટી મિટીંગ :**

તા. ૨૬/૬ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટની મિટીંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચેના મુદ્દા અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં નિરામયા પોલિસી અંગે, સી.પી.સ્કૂલ અંતર્ગત જૂલાઈ માસ દરમ્યાન યોજાનાર મેગા અસેસમેન્ટ કેમ્પમાં ભાગ લેવા બાબત, દિશા કમ વિકાસ પ્રોજેકટના લાભાર્થી બાળકોના વાલીઓને પ્રોજેક્ટ અંગે માર્ગદર્શન વિ. મુખ્ય બાબતો હતી.

# સાફલ્ય ગાથા



**ડૉ. સાલેહાબાનુ આર.**
**(ફિઝીયોથેરાપીસ્ટ)**



**બાળકનું નામ :** વાઘેલા ક્રિષિવ દેવેન્દ્રભાઈ
**ઉંમર :** ૩ વર્ષ **દિવ્યાંગતા :** ડાઉન સિન્ડ્રોમ

**સારવાર પહેલા :** જયારે બાળક સંસ્થામાં આવ્યું ત્યારે માત્ર ત્રણ મહિનાનું હતું. ત્યારથી ફિઝિયોથેરાપીની સારવાર લે છે. શરૂઆતમાં બાળક જાતે ઉભું રહી શકતું ન હતું, ચાલતું ન હતું અને બાળકનું સંતુલન પણ ઓછું હતું અને જાતે બેસી પણ નહોતુ શકતું.

**સારવાર પછી :** બાળકની રેગ્યુલર ફિઝિયોથેરાપીની સારવાર થવાથી હવે બાળક ૨ થી ૩ મિનીટ પોતાની જાતે ઉભું રહી શકે છે. ગેટ ટ્રેનર પર પાંચ મિનીટ સપોર્ટ સાથે ચાલી શકે છે. અને કોઈ પણ જાતના સપોર્ટ વગર થોડા સમય માટે ચાલી શકે છે. પછી બેલેન્સ ગુમાવ્યા વગર બેસી જાય છે. બાળક જાતે બેસી શકે છે.



# પી. એન. આર. હૉસ્પિટલ



મહાસુખભાઈ જકડિયા

**મે - ૨૪ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૨૦૧ | ૦૯ - ૦૨ |
| આંખ | ૧૦૯૧ | - - ૩૦૦ |
| આંખની છારી | ૬૧ | - - - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૩૧૫ | ૧૪૨ - ૦૫ |
| ઓર્થોસ્કોપી | ૨૦ | - - - |
| ઓર્થોડેન્ટલ | ૧૭૭ | ૧૯૧ - - |
| જનરલ ઓપીડી | ૩૮૨ | - - - |
| એક્ષ-રે | ૫૭ | - |
| લેબોરેટરી | ૨૮૯ | ૧૦૦૦ (ટેસ્ટ) |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ચામડી | ૪૨ | ૦૪ |
| આંખના પડદા | ૧૯ | - |
| પેઈન મેનેજમેન્ટ વિભાગ | - | - |
| M. D. ફિઝીશ્યન વિભાગ | ૩૬ | - |

**પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| પ્લાસ્ટિક સર્જરી | ૨૮ | ૦૬ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૦૮ | ૦૮ |
| પીડિયાટ્રિક ડેન્ટલ | ૦૫ | ૦૩ |

આ માસ દરમિયાન કુલ **૩૪૮૮** દર્દીઓએ લાભ લીધો હતો.

- સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૭૯** લાભાર્થીઓએ **રૂા. ૧૧,૩૮૫/-** ની સહાય મેળવેલ છે.
- મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૧૨** લાભાર્થીઓએ **રૂા. ૧૬૮૦/-** ની સહાય મેળવેલ છે.

# સ્વ. ગિરીશભાઈ શાહની યાદમાં મોતિયાનો કેમ્પ યોજાયો

પી.એન.આર. હોસ્પિટલ, ભાવનગરના ઉપક્રમે સ્વ. ગિરીશભાઈ અમૃતલાલ શાહ (પૂર્વ કલેકટરશ્રી) ની પૂણ્યતિથિ નિમિત્તે મોતિયાની તપાસ તથા નેત્રમણીનો નિઃશૂલ્ક ઓપરેશન કેમ્પ તા. ૦૫/૦૬/૨૦૨૪ ના રોજ યોજાઈ ગયો હતો. આ પ્રસંગે ટ્રસ્ટી શ્રી ગિરીશભાઈ શાહે, સ્વ. ગિરીશભાઈના ઉમદા વ્યકિતત્વ અને તેમના સામાજિક નિસ્બતની પ્રસંશા કરી હતી. આ પ્રસંગે શ્રી બાબાભાઈ (ફાઉન્ડર ટ્રસ્ટી), ડૉ. હર્ષાબેન મહેશ્વરી (ઓપ્થેલ્મિક સર્જન), શ્રી મહાસુખભાઈ જકડિયા (ચેરમેન, પી.એન.આર. હોસ્પિટલ), શ્રી કિરીટભાઈ રાઠોડ (માનદ મંત્રી), શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા (ટ્રેઝરર), શ્રી પ્રદિપભાઈ ભટ્ટ (ટ્રસ્ટી), શ્રી રાજેશભાઈ હકાણી (ટ્રસ્ટી), શ્રી જીતુભાઈ શાહ (ટ્રેઝરર, શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા) તથા દાતા શાહ પરિવારના સદસ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

સ્વાગત પ્રવચનમાં શ્રી પારસભાઈ શાહ (સેક્રેટરી જનરલ) એ હોસ્પિટલની પ્રવૃત્તિની માહિતી આપી હતી. આભારવિધિ શ્રી ધીરૂભાઈ ધંધુકિયા (સહમંત્રી) એ કરી હતી. આ કેમ્પમાં વિનામૂલ્યે **૨૮** દર્દીઓની તપાસ તથા **૨૫** દર્દીઓના ઓપરેશન કરવામાં આવ્યાં હતાં.



# PNR સોસાયટી સંચાલિત TTC VI કોલેજ

કેતન રૂપેરા



PNR સોસાયટી સંચાલિત TTC VI કોલેજમાં વર્ષ ૨૦૨૨-૨૪ ના બેંચના ૧૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેઓની 2nd Year ની ઈન્ટરનલ થીયરી અને પ્રેક્ટિકલ પરીક્ષા તા. ૧૭-૫ થી ૨૫-૫ સુધી સફળતાપૂર્વક યોજવામાં આવી હતી.



# PNR સોસાયટી સંચાલિત TTC MD કોલેજ

દિવ્યાબેન પટોરિયા



PNR સોસાયટી સંચાલિત TTC MD કોલેજમાં વર્ષ ૨૦૨૨-૨૪ ના બેંચના ૯ વિદ્યાર્થીઓ અને ૨૦૨૩-૨૫ બેંચના ૧૯ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેઓની 1st Year અને 2nd Year ની ઈન્ટરનલ થીયરી અને પ્રેક્ટિકલ પરીક્ષા તા. ૧૮-૪ થી ૨૪-૪ સુધી સફળતાપૂર્વક યોજવામાં આવી હતી.



# શ્રી બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી Spl. Bed. ટ્રેનિંગ કોલેજ

વર્ષાબેન ચૌહાણ

**કોન્ટેક્ટ પ્રોગ્રામ :**



શ્રી બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માન્ય સ્પે.બી.એડ. (HI) ના વર્ષ જાન્યુ. ૨૦૨૩ માં થયેલ એડ્મિશનની કુલ ૧ બેચનો કોન્ટેક્ટ પ્રોગ્રામ તા. ૯-૫ થી તા. ૨૦-૫ દરમ્યાન નટરાજ કોલેજ સેન્ટર, ભાવનગર ખાતે યોજાયેલ.

જેમાં જાન્યુ. ૨૦૨૩ થી જૂન/જૂલાઈ-૨૦૨૫માં કુલ ૩૭ તાલીમાર્થીઓ હતાં.

આ કોન્ટેક્ટ પ્રોગ્રામમાં તાલીમાર્થીઓને જુદા-જુદા વિષયો પર નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં થીયરી અને પ્રેક્ટિકલના વિષયોથી માહિતગાર કરવામાં આવેલ. આ કોન્ટેક્ટ પ્રોગ્રામ દરમ્યાન સેન્ટર દ્વારા કે.એન.શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલની મુલાકાત શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલ દ્વારા કરાવવામાં આવેલ તેમજ તાલીમાર્થીઓ માટે એક દિવસીય પિકનિકનું આયોજન હાથબ ખાતે કરવામાં આવેલ.

આ કોન્ટેક્ટ પ્રોગ્રામ દરમ્યાન તમામ તાલીમાર્થીઓએ રસપૂર્વક હાજરી આપી હતી અને આ સાથે તા. ૨૦-૫ ના રોજ સફળતાપૂર્વક આ વર્ષનો કોન્ટેક્ટ પ્રોગ્રામ પૂર્ણ થયેલ.

**સર્ટિફીકેટ મેળવનાર તાલીમાર્થી :**

તા. ૭-૩ ના રોજ શ્રી બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ખાતે યોજાયેલ નવમાં પદવીદાન સમારંભમાં નટરાજ કોલેજ સેન્ટરના સ્પે. બી.એડ.ના તાલીમાર્થી પંડયા પ્રતિક લલિતકુમારે સમગ્ર યુનિવર્સિટીમાં ૩ જો રેન્ક પ્રાપ્ત કરતા સર્ટિફીકેટ મેળવેલ હતું.

## સંસ્થામાં સેવારત ડૉક્ટરશ્રીઓ.

### ૧. ડૉ. મેહુલ પી. મોદી



સર્જરી જેટલી મહત્વની છે તેટલુ જ મહત્વનું છે તેની પહેલાનું કાર્ય એવી કામગીરી કે જે દેખિતી રીતે કયાંય જાહેરમાં ચાલતી નથી, પરંતુ તેના વગર ઓપરેશન જ શકય નથી. આ કામગીરી છે એનેસ્થેસિયાનું કાર્ય.

PNR હોસ્પિટલમાં એનેસ્થેસિયા નિષ્ણાત તરીકે ૨૦૦૨થી ડૉ. મેહુલ પી. મોદી કાર્યરત છે. તેઓએ ૧૨ વર્ષના આ સમય દરમ્યાન ૨૦,૦૦૦ થી વધુ ઓપરેશનમાં એનેસ્થેસિયા નિષ્ણાત તરીકે સેવા આપી છે. તેઓ કહે છે કે "આ એવી કામગીરી છે જેમાં પ્રત્યેક ક્ષણનું મહત્વ છે. યોગ્ય સમય સુધી, યોગ્ય રીતે એનેસ્થેસિયા રહે, તે ખૂબ મહત્વનું હોય છે. ઈશ્વરે મને દર્દીને પીડા વગર સાજા કરવામાં મદદરૂપ થવાનું કૌશલ્ય આપ્યું છે તે સૌથી મોટી વાત છે. ડૉ. મેહુલ પી. મોદી પી.એન.આર. હોસ્પિટલ ઉપરાંત શ્રી રામમંત્ર મંદિર ટ્રસ્ટ હોસ્પિટલ સાથે પણ જોડાયેલ છે."

### ૨. ડૉ. નીરવ એમ. ધોળકિયા



ઓપરેશન થિએટરના ટેબલ પર દર્દીની સર્જરી પ્રક્રિયા શરૂ થાય ત્યારે સર્જરી પહેલા પણ એક મહત્વનું કાર્ય હોય છે. આ કાર્ય છે, દર્દીને ઓપરેશન દરમ્યાન પીડા ન રહે તે માટે એનેસ્થેસિયા આપવાનું. દર્દીની સર્જરી શરૂ થાય અને પૂરી થઈ દર્દી પોતાના બેડ પર આવે, ત્યાં સુધી સર્જનની કામગીરી સહુ જાણતા હોય છે, પરંતુ એનેસ્થેસિયા આપનાર નિષ્ણાત તબીબ પોતાનું કામ પૂરું કરી કયારે જતા રહે તેની ખબર પણ રહેતી નથી. આવા જ એક તબીબ છે, ડૉ. નીરવ એમ. ધોળકિયા.

PNR હોસ્પિટલમાં ૨૦૦૨થી સંકળાયેલા એમ.ડી. એનેસ્થેટિસ ડૉ. નીરવભાઈ. બી.જે. મેડિકલ કોલેજમાં પોતાનો અભ્યાસ પૂર્ણ કરી તુરંત સંસ્થામાં જોડાયા છે. ૨૦૨૩ સુધીમાં ૨૦,૦૦૦થી વધુ ઓપરેશનમાં તેમણે સેવા આપી છે. તેઓ કહે છે કે, "દર્દીને દર્દ મુકતકરવાનું કામ સર્જન કરે છે, પરંતુ આવા દર્દીઓને સર્જરીની પીડા ન રહે તે જોવાનું કામ અમારું છે. કહો કે, અમે પડદા પાછળના ... છીએ."

વાત સાચી જ છે, એનેસ્થેટિસ ડૉક્ટરનું કામ ખૂબ મહત્વનું હોય છે. સહેજે વધુ નહીં, સહેજે ઓછું નહીં એ પ્રમાણે માપ ખૂબ મહત્વનું હોય છે. પી.એન.આર. હોસ્પિટલમાં જેટલું સરસ કામ સર્જનો કરે છે, તેટલું જ કામ એનેસ્થેસિયાના નિષ્ણાતો કરી રહ્યાં છે.

### ૩. ડૉ. ઉજ્જવલ ડેલીવાલા (એમ.એસ. ઓર્થો.)

**ગોઠણ અને ખભાના સાંધાને બચાવવા મદદરૂપ થાય છે ડૉ. ઉજ્જવલ ડેલીવાલા**



જયાં સુધી પગ અને હાથ બરોબર કામ કરતા હોય ત્યાં સુધી તેની કાળજી લેવાનું સૂઝતું નથી, પરંતુ જયારે દુઃખાવો થાય ત્યારે સમજાય છે કે આ સાંધાનું તો ભારે અઘરું છે ! આ સાંધા-લિગામેન્ટની સારવાર અને ઓપરેશન માટે કાર્યરત છે ડૉ. ડેલીવાલા.

PNR હોસ્પિટલમાં ડૉ. ડેલીવાલા (એમ.એસ. ઓર્થો.) ૨૦૧૨ થી સર્જન તરીકે કાર્યત છે. ન્યુર્યોકમાં ઓર્થોસ્કોપિક સર્જરી, શિકાગોમાં સોલ્ડર ઓર્થોસ્કોપી, એડવાન્સ કી ઓર્થોસ્કોપી સહિતની ફેલોશીપ કરનાર ડૉ. ડેલીવાલા, હોસ્પિટલમાં દર બુધવારે પોતાની સેવા આપે છે, બાર વર્ષ દરમિયાન ૩૦૮૦ દર્દીઓને તપાસ, સારવાર તથા ૯૦થી વધુ સર્જરી તેમણે કરી છે. માત્ર ભાવનગર જ નહીં સૌરાષ્ટ્ર અને ગુજરાતભરના દર્દીઓને તેમની આ નિષ્ણાત સેવાનો લાભ મળ્યો છે.

તેઓ કહે છે કે, 'ગોઠણ અને ખભાના સાંધા, લિગામેન્ટની કાળજી રાખવી ખૂબ જરૂરી છે. માત્ર મોટી ઉંમરે જ નહીં, પહેલેથી જ યોગ્ય માવજત જરૂરી છે અન્યથા ગમે તે સમયે થયેલી ઈજા મોટી ઉંમરે મુશ્કેલી ઉભી કરી શકે છે.'

(નોંધ :- PNR અને લોઢાવાળા હોસ્પિટલમાં લાંબા સમયથી કાર્યરત ડૉક્ટરશ્રીઓની સેવાઓને બીરદાવવાનો નમ્ર પ્રયાસ છે.જે હવે ક્રમબધ્ધ 'કોશિશ...' માં આવશે.- તંત્રીશ્રી)



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



ગજાનંદ ભટ્ટ

**યોગ સપ્તાહની ઉજવણી :**

પ્રાથમિક શાળામાં **યોગ સપ્તાહ**ની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના મહાવીર ઓડિટોરિયમમાં શાળાના શિક્ષિકા શ્રી મુકતાબેન દ્વારા બાળકોને વિવિધ પ્રાણાયમ જેવા કે અનુલોમ-વિલોમ, કપાલભાતિ, ભ્રામરી, ૐ કાર, તેમજ વિવિધ યોગાસનો જેવા કે, વ્રજાસન, પદ્માસન, ત્રિકોણાસન, તાડાસન, વિવિધ મુદ્રાઓ જેવી કે, પૃથ્વી, હૃદય, વાયુ, જ્ઞાન, ધ્યાનનું પ્રત્યક્ષ પ્રદર્શન કરીને બાળકોને યોગના મહત્વ વિશે સમજ આપી અને નિયમિત પ્રાણાયામ, યોગાસનો અને ધ્યાન કરવાથી થતા ફાયદા વિશે સમજાવ્યું. પ્રાથમિક શાળાના આચાર્યશ્રી શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાએ પણ બાળકોને શરીર, સ્વાસ્થ્ય અને ઉત્તમ વિચાર માટે યોગ-પ્રાણાયામ કરવા જણાવ્યું હતું.

**સરોવર પોર્ટીકો ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી :**



ભાવનગર શહેરની જાણીતી હોટલ સરોવર પોર્ટીકો, અવાર-નવાર તેની ઉજવણીમાં આપણા શ્રવણમંદ બાળકોને સહભાગી બનાવે છે. તેવો જ ખાસ દિવસ એટલે **વિશ્વ યોગ દિવસ**. આ દિવસે શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળાના બાળકો સરોવર પોર્ટીકો યોગ નિદર્શન માટે ગયેલ. ત્યાં યોગ ટ્રેનર શ્રી ફાતિમાબેન હિરાણીના નેતૃત્વમાં બાળકોએ યોગાસનો કર્યા. ત્યાંનો સ્ટાફ અને યોગ ટ્રેનર આપણા બાળકો દ્વારા કરવામાં આવતા યોગાસનો જોઈને ખૂબ ખૂશ થયા હતાં. યોગાસનો બાદ સેન્ડવીચ, બિસ્કીટ અને ચા નાસ્તો આપવામાં આવ્યાં હતાં. જેની બાળકોએ લિજ્જત માણી. શાળાથી હોટલ સુધી લાવવા-લઈ જવાની વ્યવસ્થા પણ સરોવર પોર્ટીકો તરફથી કરવામાં આવી હતી. ત્યાંની મુલાકાત બાળકો માટે યાદગાર બની રહી હતી.

**નડિયાદ ખાતે યોજાયેલ સ્ટેટ લેવલની એથ્લેટિક ટુર્નામેન્ટ ખેલ મહાકુંભ ૨.૦માં શાળાના બધિર બાળકોની અનેરી સિધ્ધિ :**




નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે તા. ૧૫-૬ થી તા. ૧૭-૬ દરમ્યાન આયોજિત ખેલ મહાકુંભર.૦ માં શાળાના દિવ્યાંગ બાળકોએ અનેરી સિધ્ધિ પ્રાપ્ત કરેલ. કુલ ૩૯૦ વિદ્યાર્થીઓ પૈકી શાળાના કુલ ૨૨ વિદ્યાર્થીઓએ એથ્લેટિકસ સ્પર્ધામાં ભાગ લીધેલ. જે પૈકી ૭ વિદ્યાર્થીનીઓએ ૩ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૬ બ્રોન્ઝ એમ કુલ ૧૧ મેડલ પ્રાપ્ત કરેલ. જેમાં ૧૦૦ મીટર તથા ૪૦૦ મીટર દોડમાં પ્રથમ નંબરે હિરલ બારૈયાએ ગોલ્ડ મેડલ, લાંબી કૂદમાં પ્રથમ નંબરે ફેન્સી પટોળિયાએ ગોલ્ડ મેડલ અને ૧૦૦ મીટર તથા ૨૦૦ મીટર દોડમાં દ્વિતીય નંબરે શિયાળ દિપીકાએ મેડલ, તેમજ ૪*૧૦૦ રીલે દોડમાં તૃતીય નંબરે શિયાળ દિપીકા, ઝાંપડિયા કિંજલ, ડોડિયા રશ્મિતા મકવાણા દર્શિતાએ બ્રોન્ઝ મેડલ તથા ૨૦૦ તથા ૪૦૦ મીટર દોડમાં તૃતીય નંબરે બાંભણિયા મનીષાએ બ્રોન્ઝ મેડલ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું.

આ સ્પર્ધામાં શાળના રમત શિક્ષક શ્રી સંદીપભાઈ આર. ગૌસ્વામી કોચ તરીકે તથા શિક્ષક શ્રી પ્રશાંતભાઈ, શ્રી ભાર્ગવભાઈ, શ્રી અનુપાબેન અને શ્રી વર્ષાબેન સાથે ગયા હતાં. તમામ વિજેતા ખેલાડીઓને, કોચને તથા શિક્ષકશ્રીઓને સંસ્થાના ટ્રસ્ટીગણ, પ્રિન્સિપાલ તેમજ શાળાઅ સ્ટાફે ખૂબ જ અભિનંદન પાઠવ્યાં હતાં.

# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી

શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં નવા પ્રવેશ પામેલા બાળકોનો **શાળા પ્રવેશોત્સવ** કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. શિક્ષણના અવિરત ચાલતા તેજોમય પ્રવાહમાં પા... પા... પગલી પાડવા માટે નર્સરીથી ધો. ૮ માં ૨૭, ધો. ૯ અને ધો. ૧૧ માં કુલ ૭૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. મનમાં કંઈ કેટલાય સપનાઓ લઈ દિલમાં દરિયાદિલથી દુનિયાદારીને સમજવાની પ્રબળ ઝંખના સાથે પ્રવેશ પામેલા બાળકોના ચહેરા પર અદકેરું સ્મિત કાર્યક્રમ સમય દરમિયાન જોવા મળ્યું હતું.

આ કાર્યક્રમને વધારે સુવાસિત બનાવવા આપણાં ભાવનગર મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી એન.વી. ઉપાધ્યાય સાહેબ (IAS), પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, શ્રી રાજેશભાઈ હકાણી ઉપસ્થિત રહેલ. પ્રમુખશ્રીએ સ્વાગત પ્રવચન સાથે સંસ્થાની માહિતી આપી હતી. કમિશ્નરશ્રીનું બધિર બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ ગિફ્ટ આર્ટિકલથી સ્વાગત કરાયું હતું. કમિશ્નરશ્રીના વરદ હસ્તે નવા પ્રવેશ પામેલા બાળકોને શૈક્ષણિક કીટ આપી આવકારવામાં આવ્યાં. તેમજ રાજ્ય / રાષ્ટ્ર કક્ષાએ એથ્લેટિક્સમાં ગોલ્ડ મેડલ મેળવેલ દીકરી હિરલ અને ફેન્સીને મેડલ તથા સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યાં કમિશ્નરશ્રીએ પ્રેરક ઉદબોધન આપેલ. આભારવિધિ સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ કરી હતી. કાર્યક્રમમાં ઉદઘોષક તરીકે કામગિરી શ્રી વૈશાલીબેન શુકલએ કરી હતી. સમગ્ર કાર્યક્રમની શરૂઆતમાં શ્રી ચંદ્રિકાબેન પરમારે તૈયાર કરાવેલ સાંસ્કૃતિક કૃતિ પ્રાથમિક શાળાના ભૂલકાઓએ રજૂ કરેલ અને શ્રી રોશનીબેન રાઠોડ દ્વારા તૈયાર કરાવેલ માધ્યમિક શાળાના બાળકો દ્વારા 'રાસ' રજૂ કરેલ. કાર્યક્રમની સુવાહિતા જોઈ પધારેલ મહેમાનો, તેમજ ટ્રસ્ટીગણે સંસ્થાના કર્મવીરોને અભિનંદન પાઠવ્યાં હતાં.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

૧૫ જુલાઈ - ૨૦૨૪

જ્યોતિ ભટ્ટ



**ખેલ મહાકુંભ-૨.૦ :**

દર વર્ષરની જેમ આ વર્ષે પણ ગુજરાત સરકાર દ્વારા **ખેલ મહાકુંભ-૨.૦** એથ્લેટિકસ સ્પર્ધાનું આયોજન નડિયાદ ખાતે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં તા. ૧૫-૬ થી તા. ૧૭-૬ દરમિયાન યોજાયેલ. જેમાં ગુજરાતમાંથી અંદાજિત ૩૧૦ જેટલા ભાઈઓ, બહેનોએ ભાગ

## વિજેતા ખેલાડીઓની યાદી

| ક્રમ | નામ | ધો. | વિભાગ | ગ્રુપ | રમત | મેડલ | નંબર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | હિરલ બારૈયા | ૧૦ | M | (D) (૧૬ વર્ષથી ઉપર) | ૧૦૦ મી. દોડ | ગોલ્ડ | ૧ |
| ૨ | પટોડિયા ફેન્સી | ૧૦ | M | (B) (૧૬ વર્ષથી નીચે) | ૪૦૦ મી. દોડ | ગોલ્ડ | ૧ |
| ૩ | શિયાળ દિપીકા | ૯ | M | (B) | ૧૦૦ મી. દોડ | સિલ્વર | ૧ |
| | | | | | ૨૦૦ મી. દોડ | સિલ્વર | ૨ |
| | | | | | ૪*૧૦૦ રિલે દોડ | બ્રોન્ઝ | ૩ |
| ૪ | ઝાપડિયા કિંજલ | ૯ | M | (B) | ૪*૧૦૦ રિલે દોડ | બ્રોન્ઝ | ૩ |
| ૫ | ડોડિયા હરમિતા | ૭ | P | (B) | ૪*૧૦૦ રિલે દોડ | બ્રોન્ઝ | ૩ |
| ૬ | મકવાણા દર્શિતા | ૮ | P | (B) | ૪*૧૦૦ રિલે દોડ | બ્રોન્ઝ | ૩ |
| ૭ | બાંભણિયા મનિષા | ૮ | P | (D) | ૨૦૦ મી. દોડ | બ્રોન્ઝ | ૩ |
| | | | | | ૪૦૦ મી. દોડ | બ્રોન્ઝ | ૩ |

લીધેલ. જેમાં શાળાના પ્રાથમિક તેમજ માધ્યમિક વિભાગના કુલ ૨૨ બાળકોએ ભાગ લીધેલ. વિજેતા બનેલ વિદ્યાર્થીઓ કુલ ૧૧ મેડલ પ્રાપ્ત કરેલ છે.

આ સ્પર્ધા માટે બાળકોને ઉત્કૃષ્ટ માર્ગદર્શન શાળાના રમત શિક્ષક શ્રી સંદિપભાઈ ગોસ્વામીએ આપેલ. તેમજ સાથે જનાર શિક્ષકો શ્રી પ્રશાંતભાઈ, શ્રી ભાર્ગવભાઈ શ્રી વર્ષાબેન, શ્રી અનુપાબેન દરેકે ખૂબ જહેમત ઉઠાવેલ.

દરેક વિજેતા ખેલાડીઓ, કોચ શ્રી સંદિપભાઈ સાથે જનાર શિક્ષકો દરેકને સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, પ્રિન્સિપાલ તેમજ શિક્ષક કર્મચારીઓએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ. વિજેતા ખેલાડીઓની વિગત નીચે મુજબ છે.

આમ, કુલ ૨૨ ખેલાડીઓએ **ગોલ્ડ-૩**, **સિલ્વર-૨** અને **બ્રોન્ઝ-૬** એમ **કુલ-૧૧** મેડલ પ્રાપ્ત કરેલ છે.

**ધો. ૧૦ અને ધો . ૧૨નું ઝળહળતું પરિણામ :**

જ્ઞાન પ્રાપ્તિ માટે શ્રવણેન્દ્રિય એ મુખ્ય ઈન્દ્રિય છે. જયારે જેણે જન્મથી જ કશું સાંભળ્યું નથી. તેવા શ્રવણમંદ વિદ્યાર્થીઓને સમધારણ વિદ્યાર્થીઓ સાથે જ ધો. ૧૦ અને ધો. ૧૨ની બોર્ડની પરીક્ષાનું ઝળહળતું પરિણામ લાવી, શાળાને ગૌરવ અપાવ્યું હતું. દરેક વિદ્યાર્થીઓને ખૂબ-ખૂબ અભિનંદન.

વર્ષ ૨૦૨૩-૨૪ માં ધો. ૧૦ માં કુલ ૨૮ વિદ્યાર્થીઓને પરીક્ષા આપેલ. જેમાંથી ૨૬ વિદ્યાર્થીઓ પાસ થયેલ છે. શાળાનું પરિણામ ૯૨.૮૬% આવેલ છે. જયારે ધો. ૧૨ માં કુલ ૩૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ. જેમાંથી ૩૦ વિદ્યાર્થીઓ પાસ થયેલ છે. શાળાનું પરિણામ ૯૭% આવેલ છે. શાળાના દરેક હોદ્દેદારો તથા સર્વે કર્મચારીઓએ સહુને અભિનંદન પાઠવેલ છે.

## ધો. ૧૦માં ૧ થી ૧૦ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું વાર્ષિક પરીક્ષાનું પરિણામ ૨૦૨૩-૨૦૨૪

પ્રથમ


માંગુકિયા વિધિ

દ્વિતીય

કળસરિયા મયુર


તૃતિય

નાકીય શર્મિલ

ચોથો

પરમાર ઉત્તમ


પાંચમો

વાણિયા જીજ્ઞા

છઠ્ઠો

કોટડિયા વિજયા

છઠ્ઠો

ભાજગોતર સંયમ

સાતમો

કલાણિયા રેહાન

સાતમો


સોલંકી મનીષ


આઠમો

વાળા વિવેક

નવમો

મકવાણા કલ્પેશ

દસમો

ભાલિયા મહેશ

દસમો

વોરા આદર્શ

## ધો. ૧૨માં ૧ થી ૧૦ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું વાર્ષિક પરીક્ષાનું પરિણામ ૨૦૨૩-૨૦૨૪

પ્રથમ



સંઘાણી ખુશી

દ્વિતીય



હાપલિયા માનસી

તૃતિય



પરમાર બંસી

ચોથો



પડાળિયા હર્ષિલ

પાંચમો



ટીલાળા મિરલ

છઠો



રમજાણી નિરાલી

સાતમો



મેમણ મોહમ્મદ

આઠમો



ગોહિલ પૂજાબા

નવમો



સરવૈયા યશરાજસિંહ

દસમો



ઢાપા કાજલ



# શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



*અશ્વિનભાઈ પંડ્યા (ચેરમેન)*

સંસ્થા દ્વારા માહે જૂન-૨૪ માં કૃત્રિમ પગના બે કેમ્પ યોજવામાં આવ્યાં હતાં.

વલસાડ (ગુજરાત) કેમ્પ શ્રીમતી ઉર્મિલાબેન કિરીટભાઈ ડાયાભાઈ શાહ પરિવાર, હસ્તે પૌલોમીબેન કલ્પેશભાઈ શાહના આર્થિક સહયોગથી, શ્રી આદિ જીન યુવક ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ દ્વારા, રોટરી કલબ ઓફ બલસોર ચેરિટેબલ ટ્રસ્ટ અને શ્રી શરદભાઈ શેઠ (ચેરમેન ગિફ્ટ ઓફ મોબિલિટી, જામનગર)ના સહયોગથી કરવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૪૯ લાભાર્થીઓને ૫૧ પગ, જેમાં ૧૯ આખા પગ અને ૩૨ અડધા પગ ફીટ કરી આપવામાં આવ્યાં હતાં.

બીજો કેમ્પ કુર્દુવાડી-સોલાપુર (મહારાષ્ટ્ર) મુકામે યોજાયેલ. જેમાં આર્થિક સહયોગ ઓસવાલ વેલફેર ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ અને શ્રી શરદભાઈ શેઠ (ચેરમેન ગિફ્ટ ઓફ મોબિલિટી જામનગર)ના સહયોગથી કરવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૯૧ લાભાર્થીઓને ૯૬ કૃત્રિમ સાધનો, જેમાં ૪૩ આખા પગ અને ૪૬ અડધા પગ ફીટ કરી આપવામાં આવેલ. આ કેમ્પમાં ૬ ની-બ્રેસ તથા ૧ કેલીપર પણ આપવામાં આવ્યાં હતાં.

આ બંને કેમ્પ સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા દ્વારા આયોજિત કરવામાં આવેલ અને તેમાં શ્રી પી.આર.વાઘર કૃત્રિમ સાધન સહાય કેન્દ્રના પી. એન્ડ ઓ. ડૉ. રવિ વાટલિયાએ સેવા આપી હતી.

જૂન માસમાં આ ઉપરાંત જલંધર (પંજાબ) મુકામે ડૉ. વિજય નાયક દ્વારા ની-બ્રેસ કેમ્પ યોજવામાં આવેલ. જેમાં ૫૦ લાભાર્થીઓને ૧૦૦ ની-બ્રેસ કીટ કરી આપવામાં આવી હતી.



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા

✍ નેહલ ગઢવી



**સમર વેકેશન કેમ્પ :**



તા. ૪ થી ૧૮-૫ દરમ્યાન **સમર કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના કુલ ૩૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. જેમાં સવારે ૮ થી ૧૧ કલાક સુધી બાસ્કેટ બોલ, ફૂટબોલ, હેન્ડબોલ, બોચી, સોફટબોલ થ્રો જેવી વિવિધ રમતોની સ્પોર્ટ્સ ટીચર્સ શ્રી આસીફખાન પઠાણ, તેમજ શિક્ષક શ્રી મોનાલીબેન ઉપાધ્યાયએ તાલીમ આપેલ તથા ડ્રોઈંગ ટીચર્સ શ્રી પૂજાબેન રાઠોડે આર્ટ, ક્રાફટ જેવી પ્રવૃત્તિઓ કરાવી હતી.

શાળા તેમજ દાતા તરફથી, કેમ્પમાં આવતા દરેક બાળકોને નિયમીત પૌષ્ટિક નાસ્તો આપવામાં આવેલ. આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ કેમ્પ સંપન્ન થયેલ.

# સ્વ. શ્રી શશીકાંતભાઈ સાકરલાલ વેલાણી ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ ફોર સ્પેશ્યલ એજ્યુકેશન (મેન્ટલ રિટાર્ડેશન)

✍ ભાવિકા કામદાર



**થીયરી ઈન્ટરનલ પરીક્ષા :**

D.Ed. Spl. Ed. (IDD) ના બીજા વર્ષના તાલીમાર્થીઓની **થીયરીની ઈન્ટરનલ પરીક્ષા** શાળા ખાતે શાંત શિસ્તબધ્ધ વાતાવરણમાં યોજવામાં આવી હતી.

**ફાઈનલ એકઝામ :**

NBERD દ્વારા D.Ed. Spl. Ed. (IDD) ના પ્રથમ તથા બીજા વર્ષના તાલીમાર્થીઓની **ફાઈનલ એકઝામ** તા. ૬ થી ૧૮ જૂન દરિમયાન કેન્દ્રિય વિદ્યાલય ખાતે લેવામાં આવી હતી.

## વિકલાંગ વ્યકિતઓ માટે વિશિષ્ટ ખુલ્લી જગ્યા

મુંબઈમાં લોકોને ખાસ દિવ્યાંગો માટે સમર્પિત ખુલ્લી જગ્યા મળશે. બાંદ્રા (પશ્ચિમ) માં આઈકોનિક જોગર્સ પાર્ક ગાર્ડનની અંદર ૯,૦૦૦ ચોરસ ફૂટનો પ્લોટ, જે વિકલાંગ મૈત્રિપૂર્ણ પાર્કમાં પરિવર્તિત થયો છે. નાગરિક અધિકારીઓએ જણાવ્યું હતું કે ''કાર્ટર રોડ પર સ્થિત અંડાકાર આકારના સી-ફ્રન્ટ પાર્ક, જોગર્સ પાર્કનો એક ભાગ ખાસ દિવ્યાંગો માટે ખુલ્લી જગ્યામાં રૂપાંતરિત કરવામાં આવ્યો છે. વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા લોકો માટે જગ્યાને વિશિષ્ટ બનાવવા માટે અલગ પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળોની સ્થાપના કરવામાં આવી છે. ખાસ દિવ્યાંગોની સુવિધા માટે આ પાર્કમાં વ્હિલચેર સ્વિંગ, સોફટ મેટ ફલોરિંગ અને હેંગિંગ બોર્ડ ગેમ્સ હશે.''

**(સૌ. : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા)**

## દિવ્યાંગ ક્રિકેટ ટીમનો નેપાળ સામે વિજય

દિવ્યાંગ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન સૈયદ શાહ અઝીઝે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો અને નેપાળને ૧૯૮ રનનો ટાર્ગેટ આપ્યો. તેણે ૭૦ બોલમાં ૭૫ રન બનાવ્યા અને અભિનંદને ૪૫ બોલમાં ૭૩ રન બનાવ્યાં. જવાબમાં નેપાળ માત્ર ૮૯ રન જ બનાવી શકયું અને ૧૦૯ રનથી મેચ હારી ગયું. ટૂર્નામેન્ટનું ઉદ્દઘાટન કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી પ્રોફેસર એસ.પી. સિંહ બધેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમણે સૈયદ શાહ અઝીઝને તેમના શ્રેષ્ઠ ઓલરાઉન્ડ પ્રદર્શન માટે મેન ઓફ ધ મેચ ટ્રોફી પણ આપી હતી. આ પ્રસંગે દિવ્યાંગ ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ઓફ ઈન્ડિયાના દિવ્યાંગ ક્રિકેટ ટીમના અધ્યક્ષ શામસિંહ લાંગેહ સહિત મહાનુભાવો પણ ઉપસ્થિત રહયાં હતાં.

**(સૌ. : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા)**



# એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ



✍ સુકેતુ શાહ

## ગુજરાતના દિવ્યાંગ માટે ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થા (સીઈડી) વિભાગીય કચેરી તથા એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટના સંયુક્ત ઉપક્રમે દિવ્યાંગો માટે ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ સેમિનારનું આયોજન.

તા. ૧૧-૫ ના રોજ ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન (સીઈડી), ભાવનગર વિભાગીય કચેરી અને એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ, વિદ્યાનગર, ભાવનગરના સંયુકત ઉપક્રમે, સમગ્ર ગુજરાત રાજ્યના દિવ્યાંગ મિત્રો માટે ઓનલાઈન ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ કાર્યક્રમનું આયોજન વોટસઅપ ગ્રુપના માધ્યમથી ગુગલ મીટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સીઈડી, ભાવનગરના ડેપ્યુટી મેનેજર ડૉ. વિમલ પી. જગડ દ્વારા દિવ્યાંગ મિત્રોને ધંધો કઈ રીતે કરવો જોઈએ અને ધંધો શરૂ કરતી વખતે ધ્યાનમાં રાખવામાં આવતા સાત પગથિયા અને સરકારશ્રી દ્વારા સ્વરોજગારી માટે દિવ્યાંગ મિત્રોને આપવામાં આવતી સહાય અને સફળ થયેલ દિવ્યાંગ ઉદ્યોગ સાહસિકની સંઘર્ષમય ગાથા તથા સીઈડી સંસ્થાનો પરિચય અને સંસ્થા દ્વારા સ્વરોજગારી માટે થતા વિવિધ કાર્યક્રમો અંગે રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ફેસબુકના લાઈવ માધ્યમથી સમગ્ર ગુજરાત રાજ્યના ૧૦૦ જેટલા દિવ્યાંગ મિત્રોએ લાભ લીધેલ. આ પ્રસંગે ડૉ. વિમલ પી. જગડનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું અને આ કાર્યક્રમને સફળ બનાવવા એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટના સ્કીલ પ્રોજેકટ કો-ઓર્ડિનેટર શ્રી મેહુલભાઈ બુધેલિયા અને તેમની ટીમે તથા સીઈડીની ટીમે સારી જહેમત ઉઠાવેલ. કાર્યક્રમની આભારવિધિ ઓનલાઈન માધ્યમથી સંસ્થાના વડા શ્રી સુકેતુભાઈ શાહ દ્વારા કરવામાં આવી હતી.

## ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થા (સીઈડી) વિભાગીય કચેરી તથા એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટના સંયુકત ઉપક્રમે દિવ્યાંગો માટે cyber Awareness & Digital Welfare વેબિનારનું આયોજન કરેલ.




તા. ૩૧-૫ ના રોજ ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન (સીઈડી) ભાવનગર વિભાગીય કચેરી અને એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ, વિદ્યાનગર, ભાવનગરના સંયુકત ઉપક્રમે, સમગ્ર ગુજરાત રાજ્યના દિવ્યાંગ મિત્રો માટે **સાયબર અવેરનેસ એન્ડ ડિઝીટલ વેલ્ફેર વેબિનાર**નું આયોજન વોટસઅપ ગ્રુપના માધ્યમથી ગુગલ મીટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ વેબિનારનું માર્ગદર્શન શ્રી દેવ પટેલ (સાયબર સિકયુરિટી એનાલિસ્ટ, અમદાવાદ) દ્વારા આપવામાં આવ્યું. જેમાં તેમણે સાયબર સિકયુરિટી શું છે?, કેટલા પ્રકારના એટેક થાય છે?, હેકર્સ કઈ રીતે આપણું સોશિયલ મિડીયા એકાઉન્ટ કે બેન્ક એકાઉન્ટ હેક કરી શકે છે?, હેક ન થાય તે માટે કયા એન્ટી વાયરસ સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવા જોઈએ ?, કેવા પાસવર્ડ રાખવા જોઈએ ? અને કેવા ન રાખવા જોઈએ? જેનું સંપૂર્ણ જ્ઞાન આપવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કુલ ૧૨૦ જેટલા દિવ્યાંગ મિત્રો જોડાયા હતાં. કાર્યક્રમને સફળ બનાવવા એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટના સ્કીલ પ્રોજેકટ કો-ઓર્ડિનેટર શ્રી મેહુલભાઈ બુધેલિયા અને તેમની ટીમે સારી જહેમત ઉઠાવેલ. કાર્યક્રમની આભારવિધિ ઓનલાઈન માધ્યમથી સંસ્થાના વડા શ્રી સુકેતુભાઈ શાહ દ્વારા કરવામાં આવી હતી.



# એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ

✍ સુકેતુ શાહ



## જયેશ અને હનીફ, દિવ્યાંગતાને વળોટીને બન્યા સરકારી કર્મચારી

### એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટમાં મેળવેલી તાલીમ અને લાયબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે કરેલી તૈયારી રંગ લાવી.



સ્પધર્માત્મક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થવા માટે ખૂબ મહેનાતાની જરૂર હોય છે. મોટી સંખ્યામાં યુવક યુવતીઓ આ માટે તૈયારી કરતા હોય છે. આવી પરીક્ષા પાસ કરી, યોગ્યતા મુજબ સરકારી નોકરી મેળવવી તે દિવ્યાંગોને પણ સ્વપ્નનું હોય છે. આ માટે ભાવનગરની એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ તેમના માટે આશીર્વાદરૂપ બની છે અને હાલમાં જ બે દિવ્યાંગો સરકારી નોકરીમાં જોડાયા છે.

એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ દિવ્યાંગોને આધુનિક ટેકનોલોજી સાથે જોડવા બેઝિક કોમ્પ્યુટરથી શરૂ કરી ડિઝાઈનર સુધીના કોમ્પ્યુટર કોર્સિસ ચલાવે છે. હાલ આ કોર્સમાં ઓનલાઈન અને ઓફલાઈન મળી ૩૫થી વધુ દિવ્યાંગો લાભ લઈ રહ્યાં છે. આ ઉપરાંત અહીં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની લાઈબ્રેરી પણ ઉપલબ્ધ છે અને જેનો લાભ દિવ્યાંગોને મળી રહ્યો છે.

આ ઈન્સ્ટિટયુટમાં કોમ્પ્યુટર કોર્સ કરી અને અહીંની લાઈબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી. હનીફ કાગદી અને જયેશ સિચલાએ હાઈ કોર્ટમાં નોકરી મેળવી છે.

જયેશ સિચલા, ભાવનગરનાજ ઘોઘા રોડ પર રહેતો ૬૦ ટકા દિવ્યાંગતા ધરાવતો યુવાન છે. ૨૦૧૫-૧૬ માં બેઝિક કોમ્પ્યુટર કોર્સ કર્યો અને તે પછી સ્વરોજગાર શરૂ કર્યો. દરમિયાનમાં કોર્ટમાં જગ્યા ખાલી હોવાની જાહેરાત આવતા અહીંની લાઈબ્રેરીમાં આવી, વાચન અને તૈયારી શરૂ કરી. આખરે તેની મહેનત રંગ લાવી અને હાલમાં જ હાઈકોર્ટમાં તે પસંદગી પામી વડોદરા ખાતે સેવા માટે જોડાઈ ગયો છે.

આજ રીતે શહેરના બોરડીગેઈટ વિસ્તારમાં રહેતો હનીફ કાગદી પણ ૬૫% અસ્થિ વિષયક દિવ્યાંગતા ધરાવતા છે. ૨૦૧૪માં કોમ્પ્યુટર કોર્સ કરી, ડિઝાઈન ગ્રાફિક્સનું કામ શરૂ કર્યું. પરંતુ સરકારી નોકરી મળી જાય તેવી તેની ઈચ્છા હતી. હાઈકોર્ટમાં ભરતીની જાહેરાત આવી અને સવારે ૯ થી સાંજે ૭ સુધી ખુલ્લી રહેતી એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટની લાઈબ્રેરીમાં આવી, અનુકુળતા મુજબ પરીક્ષાની તૈયારી કરવા લાગ્યો. એની મહેનત પણ રંગ લાવી પરીક્ષા પાસ કરી અને તે પણ હાઈકોર્ટમાં સેવારત થયો છે.


આ ઈન્સ્ટિટયુટના કો-ઓર્ડિનેટર શ્રી કેતુભાઈ શાહ કહે છે, ''અમારું કામ દિવ્યાંગોને પગભર કરવાનું છે. માત્ર સ્વરોજગાર જ નહીં, પરંતુ કોર્પોરેટ,ખાનગી અને સરકારી નોકરીમાં પણ તેઓને કામ મળે, તે માટે અમે સદા તત્પર હોઈએ છીએ.

અહીં વર્ગ-૩ અને વર્ગ-૪ ની સ્પર્ધાત્મક પરીક્ષાઓના પુસ્તકો સાથેની લાઈબ્રેરી ઉપલબ્ધ છે, જેનો દિવ્યાંગો સેન્ટર પર બેસીને લાભ લઈ શકે છે અને જો કોઈ મુશ્કેલી હોય તો દિવ્યાંગ પુસ્તક ઘરે પણ લઈ જઈ શકે છે.''



# યુવક સંમેલન મુંબઈ
# લાઈબ્રેરી

છાયા જોષી



## જૂન મહિનામાં શ્રી પારસભાઈ તથા શ્રી જીજ્ઞાબેન દ્વારા લાઈબ્રેરીમાં ભેટ આવેલ પુસ્તકો

| પુસ્તકનું નામ | પ્રકાર |
|---|---|
| સમાજનું અજવાળું | સત્ય ઘટનાઓનો ખજાનો |
| સમાજની સારપ | સત્ય ઘટનાઓનો ખજાનો |
| સમાજની કરૂણા | સત્ય ઘટનાઓનો ખજાનો |
| સમાજનો છાંયડો | સત્ય ઘટનાઓનો ખજાનો |
| સમાજની સુગંધ | સત્ય ઘટનાઓનો ખજાનો |
| સમાજની સુંદરતા | સત્ય ઘટનાઓનો ખજાનો |
| સમાજની મિત્રતા | સત્ય ઘટનાઓનો ખજાનો |
| સમાજની સંવેદના | સત્ય ઘટનાઓનો ખજાનો |
| સમાજની શ્રધ્ધા | સત્ય ઘટનાઓનો ખજાનો |
| સમાજની નિસ્બત | સત્ય ઘટનાઓનો ખજાનો |
| શિશુવિહારનું નવચેતન | શિશુવિહારની પ્રવૃત્તિઓ દર્શાવતું પુસ્તક |
| શુભેચ્છકો લખે છે. | શિશુવિહાર અંગે નાગરિકોના પ્રતિભાવો |
| દર્દનો ઈલાજ ઉપચાર | સંપૂર્ણ તંદુરસ્તી માટેના સચોટ ઉપાયો તમારા હાથમાં... |
| કવી હંસ | ગુજરાત ગૌરવ ગાથા શ્રેણી |
| પાણીની જાળવણી | જળનો મહિમા |
| બાપુની વાતો | બાપુની વાતો |
| નવ પ્રયાણ દિવસ | સ્વ. શ્રી મફતભાઈની યાત્રા |

| પુસ્તકનું નામ | પ્રકાર |
|---|---|
| પ્રેમનું બંધન | બાળ વાર્તા |
| હું તારા કરતાં વધારે | |
| હોંશિયાર | બાળ વાર્તા |
| ઉન કા ગોલા | હિન્દી બાળ વાર્તા |
| ગોલ ગપ્પે | હિન્દી બાળ વાર્તા |
| હમારી પતંગ | હિન્દી બાળ વાર્તા |
| ફૂલી રોટી | હિન્દી બાળ વાર્તા |
| પત્તલ | હિન્દી બાળ વાર્તા |
| તબલા | હિન્દી બાળ વાર્તા |
| ગિલ્લી ડંડા | હિન્દી બાળ વાર્તા |
| મિલી કા ગુબ્બારા | હિન્દી બાળ વાર્તા |
| બબલી કા બાજા | હિન્દી બાળ વાર્તા |
| છુપન છુપાઈ | હિન્દી બાળ વાર્તા |
| મિલી કી સાઈકિલ | હિન્દી બાળ વાર્તા |
| આઉટ | હિન્દી બાળ વાર્તા |
| પક્કા આમ | હિન્દી બાળ વાર્તા |
| ભુટ્ટા | હિન્દી બાળ વાર્તા |
| મિમી કે લિએ કયા લૂં ? | હિન્દી બાળ વાર્તા |
| એક દિન | હિન્દી બાળ વાર્તા |
| બચ્ચોં કે લિએ સદાબહાર કહાનિયાઁ | હિન્દી બાળ વાર્તા |

## સ્પેશિયલ ઓલિમ્પિક : દિવ્યાંગની જર્મનીમાં પાવર લીફ્ટિંગ માટે પસંદગી

ભાવનગરના દિગ્નેશે તાજેતરમાં યોજાયેલા સ્પેશિયલ ઓલિમ્પિકમાં સમગ્ર રાષ્ટ્રિય કક્ષાએ પ્રથમ નંબર મેળવ્યો છે અને પાવર લિફ્ટિંગમાં હવે તે જર્મની ખાતે રમવા જવા માટે પસંદ થયો છે. જે બાળક માનસિક રીતે અથવા તો મગજથી અસ્થિર હોય તેની માટે આ પ્રકારના રમતોત્સવ **સ્પેશિયલ ઓલિમ્પિક**ના નામે યોજાતા હોય છે પહેલા વડોદરા ખાતે ઓલ ગુજરાતમાં પ્રથમ નંબર મેળવ્યો અને ત્યારબાદ તાજેતરમાં કાનપુર ખાતે ૨૬મી જાન્યુઆરીએ સમગ્ર દેશમાં પ્રથમ નંબર મેળવ્યો છે. હવે આ ભાવનગરનો યુવક જર્મનીમાં પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં સિલેકટ થયો છે. અત્યંત જરૂરિયાતમંદ કુટુંબમાંથી આવતો આ દીકરો આપબળે આગળ વધ્યો છે અને દિવ્યાંગતાને અવગણીને પોતાની એક આગવી ઈમેજ રમતગમત ક્ષેત્રે બનાવી છે. હવે તે જર્મનીમાં જઈ ભાવનગરનું નામ રોશન કરે તેવી શુભકામના સૌ કોઈએ આપી હતી.

**(સૌ. : સૌરાષ્ટ્ર સમાચાર) સંવાહક : પીયૂષ પારાશર્ય**

## કોકલીયર ઈમ્પ્લાન્ટ દ્વારા ૨૬ દિવ્યાંગોએ શ્રવણ ક્ષમતા પ્રાપ્ત કરી.

વિશ્વ શ્રવણ દિનના આગળના દિવસે વડોદરા અને તેની આસપાસના ગોધરા, વ્યારા, છોટાઉદેપુર અને દાહોદના ૨૬ શ્રવણમંદ બાળકોએ કોકિલયર ઈમ્પ્લાન્ટ દ્વારા તેમની નવી જિંદગી શરૂ કરી હતી. નોંધનીય છે કે આ કોકિલયર ઈમ્પ્લાન્ટનો બધો જ જરૂરી ખર્ચ ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગે ઉપાડયો છે. જે ગુજરાત રાજ્યના રાષ્ટ્રિય બાળ સ્વાસ્થ્ય યોજના અને કેન્દ્ર સરકારની આર્થિક સહાય અંતર્ગત આ મહત્વનું કામ વડોદરાની એસ.એસ.જી હોસ્પિટલ દ્વારા પાર પાડવામાં આવ્યું છે. આ મહત્વની વિગતો હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. રંજન અય્યરે આપી હતી. અહીં હોસ્પિટલમાં તાજા જન્મેલાં બધા જ બાળકો ઓટો-ચેક સ્ટીક એમીસનમાંથી પસાર થવાનું હોય છે જેને OAE ટેસ્ટ કહેવાય છે અને આ પરીક્ષણમાં જો એ તાજું જન્મેલું બાળક નિષ્ફળ જાય તો એ બાળકને ત્રણ મહિના પછી ફરીથી બોલાવવામાં આવે છે અને આજ સુધીમાં કોઈ શ્રવણમંદ બાળક તપાસ્યા વિનાનું રહેતું નથી.

**(સૌ. : ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા) સંવાહક : પીયૂષ પારાશર્ય**

# ૧ થી ૩૦ જૂન ૨૦૨૪ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Pratibhaben Girishbhai Shah - Bhavnagar | 50,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Sahiaaru Foundation - Mumbai | 2,00,000 |
| Shri Nilesh S.Vadhar - Bangalore | 11,00,000 |
| Shri Harsha Sheth - Mumbai | 5,000 |
| Shri Hetal Apurva Foundation - Mumbai | 5,000 |
| Shri Malekaben Akbarbhai Divecha C/O. S.K.Khambhati - Bhavnagar | 25,000 |

### FCRA

| | Rs. |
|---|---|
| Well Wisher General Donation | 20,000 |
| Heart And Hand For The Handicapped Autisum Project (HHH) | 11,950 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Shri Meenaben Ghanshyambhai Upadhyay - Vadodara | 5,000 |
| Shri Anil P. Parekh - Mumbai | 35,000 |
| Late Narendrabhai Trambaklal Bhayani - Surat | 2,500 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Shri Vaidit Yoginkumar Trivedi - Bhavnagar | 7,000 |
| Shri Aadi Jain Yuvak Charitable Trust - Valsad | 15,000 |
| Shri Mukundrai Jechandbhai Shah - Mumbai | 2,600 |
| Shri Maheshbhai Kishanbhai Kshirsagar - Bhavnagar | 1,000 |
| Shri Jasumatiben Chandrakant Shah - Bhavnagar | 1,000 |
| Shri Lions Club Of Jalandhar - Punjab | 30,000 |
| Shri Niketbhai Dineshbhai Jadav - Bhavnagar | 6,000 |
| Shri Parthbhai Langaliya - Bhavnagar | 5,000 |
| Shri Rotary Club Of Bulsar Charitable Trust - Valsad | 15,000 |
| Late Rasilaben Pravinchandra Parekh - Bhavnagar | 20,000 |
| Smt. Sunita Akshay Marfatia - Mumbai | 31,000 |
| Smt. Sunita Akshay Marfatia - Mumbai | 25,000 |
| Shri Bhimabhai Humble Charitable Trust - Gandhidham | 15,000 |
| Shri Yogendrabhai Pravinchandra Pandya - Bhavnagar | 14,100 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| Shree Tamboli Foundation Bhavnagar - Bhavnagar | 1,00,000 |
| Shri Mahendrakumar Ambalal Shah - Ahmedabad | 1,00,000 |
| Shri Hansika Mahendra Shah - Ahmedabad | 1,00,000 |
| Shree Jamnadas P. & Smt. Gulab J. Sheth Ch. Trust - Mumbai | 50,000 |
| Shri Shaila Navinchandra Shah - Bhavnagar | 50,000 |
| Anandsons Overseas Trading Pvt. Ltd. - Mumbai | 25,000 |
| Smt. Sunita Akshay Marfatia - Mumbai | 18,000 |
| Shri Nishaben Ketanbhai Jani - Bhavnagar | 15,000 |
| Disha Foundation - Mumbai | 11,000 |
| Shri Kiran Bhaskarlal Avashia - Rajkot | 11,000 |
| Shri Ashna Ajaybhai Mori - Ahmedabad | 10,000 |
| Shri Hardevsinh Baldevsinh Sarvaiya - Bhavnagar | 10,000 |
| Shri Nina Divyesh Shah Mumbai | 10,000 |
| Shri Nehalben R. Gadhavi - Bhavnagar | 10,000 |
| Shri Manubhai Sakarchand Shah - Mumbai | 7,500 |
| Melbourne Australia Mum's & Dad's Group in India - Bhavnagar | 7,000 |
| Shri Jagdishbhai Patel - Ankleshwar | 5,100 |
| Shri Thakore Nutan | 2,000 |
| Shri Pankajbhai Ghetiya - Rajkot | 2,000 |

# નટરાજ સી .પી. સ્કૂલ પ્રવેશોત્સવ-૨૦૨૪



વ્હીલચેર અર્પણ કરતા
SBIના AGM શ્રી વિજય ટાંક...



સાધન સહાય અર્પણ કરતા
શ્રી કિરીટભાઈ અને શ્રી ધીરૂભાઈ



યુનિફોર્મ અર્પણ કરતા
શ્રી પારસભાઈ અને શ્રી પ્રદીપભાઈ



યુનિફોર્મ અર્પણ કરતા
શ્રી એચ. પી. રાખશિયા



સ્કૂલ બેગ અર્પણ કરતા
શ્રી પાયલબેન દેસાઈ (મુંબઈ)



સ્કૂલ બેગ અર્પણ કરતા
શ્રી અંબિકાબેન ટેકરીવાલ

**વકતવ્ય આપતા મહાનુભાવો**



અતિથિવિશેષ પદેથી વકતવ્ય
આપતા શ્રી વિજય ટાંક



સ્વાગત પ્રવચન કરતા
શ્રી કિરીટભાઈ રાઠોડ



પ્રાસંગિક ઉદબોધન કરતા
શ્રી જીજ્ઞાબેન સોલંકી



આભારવિધિ કરતા
શ્રી પારસભાઈ શાહ

# PNR સોસાયટી તસ્વીર સમાચાર



ડૉ. મનસુખભાઈ માંડવિયાનું સન્માન કરતા...



સી. પી. ખેલ મહાકુંભ-૨૦૨૪નું ઉદ્‌ઘાટન...



સી. પી. શાળા પ્રવેશોત્સવમાં ઉપસ્થિત મહાનુભાવો...



શાળા પ્રવેશોત્સવ દીપ પ્રાકટ્ય...



વિનામૂલ્યે કેમ્પમાં દીપ પ્રાકટ્ય...



સ્વ. ગિરીશભાઈ શાહની સ્મૃતિમાં વિનામૂલ્યે મોતિયાના કેમ્પમાં ઉપસ્થિત મહાનુભાવો...

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 July - 24 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

